# ૪ પાઠશાળામાં રમે પતરંગો

## ચાલો, ગાઈએ ગીતડું :

ગોળ ગોળ ધાણી.
કિત્તે કિત્તે પાણી...?
ઘૂંટણ સુધી પાણી...

ગોળ ગોળ ધાણી.
કિત્તે કિત્તે પાણી...?
કમર સુધી પાણી.

ગોળ ગોળ ધાણી.
કિત્તે કિત્તે પાણી...?
ખભા સુધી પાણી.

ગોળ ગોળ ધાણી.
કિત્તે કિત્તે પાણી...?
આંખો સુધી પાણી.

ગોળ ગોળ ધાણી.
કિત્તે કિત્તે પાણી...?
માથા ઉપર પાણી...

સમૂહમાં ઝીલગાન કરાવો. ત્યારબાદ અભિનય સાથે ગવડાવો :
શિક્ષક : ગોળ ગોળ ધાણી.
વિદ્યાર્થી : કિત્તે કિત્તે પાણી
શિક્ષક : ઘૂંટણ સુધી પાણી.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


## જોડો :




બૉલ



કેરમબૉર્ડ



દંડો



રૅકેટ



દોરી




ગિલ્લી



ભમરડો



શટલકૉક/ફૂલ



બેટ



કૂકરી

## મિત્રનો પરિચય :

જેમ ગિલ્લી-દંડો, બૉલબેટ, કેરમબૉર્ડ-કૂકરી, દોરી-ભમરડો એમ જોડી હોય તેમ તમારા વર્ગમાં પણ તમારું કોઈ જોડીદાર હશે. જોડીદાર એટલે દોસ્ત, સહેલી, ભાઈબંધ, સખી, મિત્ર કે બહેનપણી. તમારા પાક્કા જોડીદાર વિશે પાંચ-છ વાક્યો વર્ગ સમક્ષ કહો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

વાર્તા :

## પતરંગો

એક હતો પતરંગો. રંગે રૂપાળો, ચમકતા લીલા રંગનો. લાલાશ પડતું માથું, લાલમલાલ આંખો ને અણીદાર પૂંછડી.

તેને ખૂબ જ ભૂખ લાગી હતી. તેણે વીજળીના તાર પર બેઠાં બેઠાં ભોજન માટે આમતેમ નજર દોડાવી. હવામાં ઊડતું એક ઝીણું જીવડું દેખાયું. પતરંગો તરત ઊડ્યો. ને 'ચટ' અવાજ સાથે જીવડું પતરંગાની ચાંચમાં! પતરંગો તો એ નાના જીવડાને ઊડતાં ઊડતાં જ ગળી ગયો. ફરીથી વીજળીના તાર પર બેઠો. પણ, નાનું જીવડું ખાવાથી તે કંઈ ભૂખ મટે?

પતરંગાએ આસપાસ નજર દોડાવી. પણ એક્કેય જીવડું દેખાયું નહીં. દૂરથી જાતજાતના અવાજો આવતા હતા. તેને થયું, 'નક્કી આ અવાજો જીવડાંના હશે. એ તરફ બહુ જીવડાં હોય એમ લાગે છે.' તે તો ઊડ્યો અવાજની દિશામાં.

એક મોટો બંધ દરવાજો આવ્યો. એ તો દરવાજાની ઉપરથી ઊડીને પહોંચી ગયો અંદર. 'મજાની પાઠશાળા' લખેલી એક મોટી સ્કૂલ દેખાઈ. જોયું તો સ્કૂલના કમ્પાઉન્ડમાં ઘણાં બધાં બાળકો. તે તો જોતો જ રહી ગયો.

અચાનક નીચેથી સફેદ રંગનું કંઈક ઉપર ઊડ્યું. પતરંગો ખુશ થઈ ગયો! ઓહો! કેવું મોટું સફેદ જીવડું! તેણે તો ઝટ દઈને તેને ચાંચમાં પકડી લીધું.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

નીચેથી એક છોકરી બોલી પડી, ''અરે! અરે! મારું વિમાન... મારું વિમાન... એ ઊડ્યું...'' પતરંગાને ખબર પડી, 'ઓહ, આ જીવડું નથી!' તેણે ચાંચમાંથી વિમાન છોડી દીધું. વિમાન તો નીચે આવ્યું સીધું છોકરીના માથા પર! છોકરી હસી, ખડ...ખડ...ખડ.. પતરંગો બોલ્યો : ''ચરર્ ચરર્...''

જીવડું નથી.' તેણે ચાંચમાંથી લખોટી છોડી દીધી. લખોટી તો ટપ્પ દઈને પડી છોકરાના માથા પર!

છોકરો બોલ્યો, ''અરરર... અરરર...''

પતરંગાએ કર્યું, ''ચરર્... ચરર્...''

પતરંગાની ભૂખ વધતી જતી હતી. તેણે



પતરંગાએ ઊડતાં ઊડતાં બીજી બાજુ નજર કરી. નીચે બેઠેલાં છોકરાં તરફથી ઉપર કંઈક ઊછળતું આવતું દેખાયું. પતરંગાએ તો ફટાક દઈને નીચે આવી તેને ચાંચમાં પકડી લીધું. નીચે રમનારા છોકરાએ બૂમ પાડી, ''અરે! મારી લખોટી...!''

પતરંગાને ખબર પડી, 'ઓહ! આ પણ

ઊડતાં ઊડતાં આમતેમ નજર નાખી. દૂર ખૂણે બાળકો દંડાથી કંઈક હવામાં ઉછાળતાં દેખાયાં. પતરંગાને થયું, 'નક્કી, કોઈ જીવડાને ભગાડતાં હશે!'

તેણે ઝટ દઈને છોકરાએ દંડાથી ઉછાળેલું 'કંઈક' ચાંચમાં પકડી લીધું. નીચેથી છોકરાએ બૂમ પાડી, ''અરે! અરે! મારી ગિલ્લી..''




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

પતરંગાએ સાંભળ્યું. તેણે ચાંચમાંથી ગિલ્લી છોડી દીધી. ગિલ્લી તો જઈને પડી પેલા છોકરાના પગ પાસે! બીજાં છોકરાં હસી પડ્યાં, ''તારી ગિલ્લી તો ઊડીને તારા પગ પાસે જ પડી! હા... હા... હા...'' પતરંગો ''ચર્રર્... ચર્રર્...'' બોલતો બીજી બાજુ ઊડ્યો.

હવે, પતરંગાની નજર મેદાનની બીજી તરફ ગઈ. ત્યાં નીચેથી થોડી થોડી વારે ઊંચે સફેદ પીંછાંવાળું કંઈક ઊડીને ઉપર આવતું હતું ને નીચે જતું હતું... પતરંગાને તો મોંમાં પાણી આવ્યું, 'નક્કી, આ પીંછાંવાળું કોઈ મોટું જીવડું જ છે!' તેણે ઊડીને ઊંચે આવતું સફેદ પીંછાંવાળું 'કંઈક' ચાંચમાં પકડી લીધું : બાળકો બોલી પડ્યાં, ''અરે! આપણું ફૂલ...''

પતરંગાએ ફૂલ છોડી દીધું. નીચેથી એક બાળકે રૅકેટ વડે ફરીથી હવામાં ઉછાળ્યું. પતરંગાએ ફરીથી પકડી લીધું, ને સામી બાજુ છોડી દીધું. નીચેથી બીજા બાળકે ફરીથી ઉછાળ્યું. પતરંગાએ ફરીથી પકડ્યું, નીચે છોડી દીધું. પતરંગો ભૂખ ભૂલીને રમવા લાગ્યો. આમ વારંવાર થતું જોઈને રમત જોનારા છોકરાઓ તાળી પાડીને કિકિયારી પાડવા લાગ્યાં.

ત્યાં જ અચાનક બેલ પડ્યો, 'ટનનન ટન!' પતરંગાએ કર્યું, ''ચર્રર્... ચર્રર્...'' ને આખા મેદાનમાં ઊડાઊડ કરવા લાગ્યો.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વાતચીત :

(૧) વાર્તામાં શું બન્યું ત્યારે તમને સૌથી વધુ મજા આવી?

(૨) તમે શાળામાં કઈ કઈ રમતો રમો છો?

(૩) તમને રમવા સિવાય શાળામાં બીજું શું શું કરવું ગમે છે?

(૪) તમે ઘરે કોઈ પંખી કે પ્રાણી સાથે રમ્યાં છો? તમારા દોસ્તોને તેની વાત કહો.

(૫) કયું પંખી કે પ્રાણી તમારું દોસ્ત હોય તો તમને કેવી મજા પડે તે કહો.

(૬) પતરંગો 'મજાની પાઠશાળા'માં કેવી રીતે પહોંચ્યો?

(૭) દરવાજો બંધ હોવા છતાં પતરંગો અંદર જઈ શક્યો ? બીજું કોણ કોણ આમ અંદર જઈ શકે?

(૮) 'મજાની પાઠશાળા'માં બધાં બાળકો કેમ રમતાં હતાં ?

(૯) પાઠશાળામાં બધાં બાળકો કઈ કઈ રમતો રમતાં હતાં?

(૧૦) પતરંગો વિમાન, લખોટી, ગિલ્લી એવું શા માટે પકડી લેતો હતો?

(૧૧) પતરંગો શા માટે ફૂલ (શટલકૉક) વારંવાર પકડીને નીચે છોડી દેતો હતો?

(૧૨) બૅલ પડ્યા પછી પતરંગાએ શું કર્યું?

- **ચાલો, ગાઈએ ગીતડું :** ગોળ ગોળ ધાણી...

## વાંચો, સમજો અને લખો.

વિદ્યાર્થીઓને પહેલા ખાનામાં આપેલો ફકરો મોટેથી વાંચવા કહો. ત્યારબાદ બીજા ખાનામાં આપેલા ફકરાની ખાલી જગ્યા પૂરવા કહો. તેમજ ત્રીજા ખાનામાં તેમના મનગમતા પંખીનું નામ લખી, તેનું ચિત્ર આપેલી જગ્યામાં ચોંટાડીને તેના વિશે ફકરો લખવા કહો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

| પતરંગો | ચકલી | ................................ |
|---|---|---|
|  |  | |
| આ પંખી છે પતરંગો. રંગે રૂપાળો. ચમકતા લીલા રંગનો. લાલાશ પડતું માથું, લાલમલાલ આંખો અને અણીદાર પૂંછડી તે ‘‘ચર્ર્ર... ચર્ર્ર...’’ કરે. નાનાં જીવડાં ખાય. | આ છે ________. તે નાનું ________ છે. તે ઝાડ પર કે મારા ________ માં માળો બનાવે.‘‘________’’ ગીતો ગાય. અનાજના ________ કે નાનાં ________ ખાય. | ________<br>________<br>________<br>________<br>________<br>________ |

⬡ **સાચું હોય તો ‘‘ચર્ર્ર... ચર્ર્ર...’’ બોલો,**

**ખોટું હોય તો ‘‘અરરર.. અરરર...’’ બોલો :**

(૧) પતરંગો પાંદડા જેવા રંગનો હોય છે.

(૨) પતરંગાને રમત રમવી હતી એટલે તે મજાની પાઠશાળામાં ગયો.

(૩) ‘મજાની પાઠશાળા’નો દરવાજો હંમેશાં ખુલ્લો જ હોય છે.

(૪) લખોટી ટપ્પ દઈને છોકરાના માથા પર પડી.

(૫) છોકરાએ દંડાથી હવામાં ઉછાળેલી ગિલ્લી લીલી થઈ ગઈ.

(૬) બાળકો સફેદ પીંછાવાળું પંખી આમથી તેમ ઉડાડતાં હતાં.

(૭) ફૂલરૅકેટ રમવામાં પતરંગો પોતાને ભૂખ લાગી હતી તે પણ ભૂલી ગયો.

(૮) બાળકો ફૂલ વડે રૅકેટ ઉડાડતાં હતાં.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## પછી શું થયું હશે? :

બેલ વાગ્યા પછી શાળામાં શું શું થયું હશે? બાળકો, શિક્ષકો, પતરંગા વગેરેના સંદર્ભમાં બે-બેના જૂથમાં વિદ્યાર્થીઓને વિચારવા કહો અને તેની નોંધ કરાવો.

બેલ પડ્યા પછી...

(૧) મેદાનમાં રમવા બાળકો સાથે શિક્ષકો પણ આવી ગયા હશે?

(૨) બધાં બાળકોએ પતરંગાને ટિફિનબૉક્સમાંથી નાસ્તો કરાવ્યો હશે?

(૩)

(૪)

(૫)

## ગીત :

આટાપાટા, ગિલ્લીદંડા કાં તો સંતાકૂકડી,
સંતુબેની ચાલો રમવા, અમે બનાવી ટુકડી.
'લંગડીમાં હું સૌને પકડું' ફાંકો રાખતી નીલ્લમ,
આજ એને હંફાવી દઈએ, ઉતારીએ એની ફિલ્લમ.
એક પગે લંગડી ના ફાવે? આમલી પીપળી રમીશું,
ખિસકોલીની જેમ પછી સહુ ડાળે ડાળે ભમીશું.
જો કોઈ તારી પાસે આવી કહેશે, 'ચલ્લકચલાણી',
શૈલાને ચીંધીને કહેજે : 'પેલ્લે ઘેર ધાણી.'
રમતાં-ભમતાં થાકીશું નહીં ને પરસેવે ના'શું
પછી જઈને તળાવકાંઠે, ધમ્મ ધુબાકા મારીશું.
મમ્મીને કહી દઉં છું કે 'નહીં કરતી ચિંતા ખોટી,
સંતુબેની તો મારી સાથે રમતાં થાશે મોટી.'



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ● જુઓ અને લખો :

(૧) નીલમ - ________ (૪) પેલે - ________

(૨) ફિલમ - ________ (૫) ધમ - ________

(૩) ગિલી - ________ (૬) ચલક - ________

## લખો અને મોટેથી વાંચો :

(૧) ભાવેશ - ________ (૪) જલેબી - ________

(૨) રમેશ - ________ (૫) નીલા - ________

(૩) ગોપાલ - ________ (૬) સમીના - ________

## તમારા છ મિત્રોનાં નામ અહીં લખો અને તે મોટેથી બોલો :

(૧) ________ (૪) ________

(૨) ________ (૫) ________

(૩) ________ (૬) ________

## આપેલાં વાક્યો સુવાચ્ય અક્ષરે લખો :

ઉદાહરણનાં વાક્યોનું વિદ્યાર્થીઓને સમૂહમાં મોટેથી ઝીલવાચન કરાવો. ત્યારબાદ તેમને આપેલાં વાક્યોમાં લીટી દોરેલા શબ્દનો એક અક્ષર ઉદાહરણ મુજબ બનાવી લખવાનું અને મોટેથી વાંચવાનું કહો.

- એક હતો પતરંગો.
- ________
- તેણે નાનું જીવડું જોયું.
- ________
- ફતેસિંહે ફાટક બંધ કર્યું.
- ________
- તે રંગે રૂપાળો.
- ________
- બાબુભાઈને પોપટ ગમે.
- ________
- મેળામાં ખૂબ જ મજા પડી.
- ________



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વાંચો :

આ વાક્યો મોટેથી વાંચો. ત્યારબાદ એક-એક વાક્યનું સમૂહમાં ઝીલવાચન કરાવો. લીટી દોરેલો શબ્દ આવે ત્યારે વિદ્યાર્થીઓ પાટલી પર હાથ પછાડશે. ત્યારબાદ વિદ્યાર્થીઓને વારાફરતી ઊભા થઈને મોટેથી શબ્દ વાંચવા કહો.

(૧) પતરંગાને સખ્ખત ભૂખ લાગી. તેણે જીવડું જોઈ ઝુકાવ્યું.

(૨) મમ્મીએ ચુન્નુને તડકામાં રમવાની ના પાડી હતી. ચુન્નુ તડકામાં રમીને આવ્યો. મમ્મીએ ગુસ્સે થઈ કહ્યું, ''ચુન્નુ, તું જક્કી છે.''

(૩) ત્રિશાએ પપ્પા પાસે સો રૂપિયા માગ્યા. પપ્પાએ તેને ફક્ત પચાસ રૂપિયા આપ્યા.

(૪) દાદા દરરોજ કૃષ્ણમંદિરે જાય છે. તે શ્રીકૃષ્ણના ભક્ત છે.

(૫) ફિલ્ડરે હવામાં અધ્ધર કૂદીને કેચ કર્યો.

(૬) ''હિન્દુસ્તાન'' નામ સિન્ધુ નદી પરથી પડ્યું છે.

(૭) બાળકો પાંચીકા રમ્યાં. પતરંગાને પાંચીકા ગમ્યા. પતરંગાએ પાંચીકો ચપ્પ દઈને પકડ્યો.

## લીટી દોરેલા શબ્દો લખો :

- ચાલો, ગાઈએ ગીતડું : ગોળ ગોળ ધાણી

## ચિઠ્ઠી-મીઠ્ઠી :

**ફાતિમા અને ફોરમ કોઈને ખબર ન પડે તેમ ચિઠ્ઠીઓ વડે વાતો કરે છે, તે વાંચો. કેપ્ટન, રવિવારની મેચનું શું કરીશું? - ફો**



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

કેપ્ટન, રવિવારની મેચનું શું કરીશું?

આજે હજુ ગુરુવાર થયો. શું ઉતાવળ છે?

કેપ્ટનને ફિકર ન પડી હોય. હું વાઈસ કેપ્ટન છું. મારે આયોજન કરવાનું ને!

હા! ઘણી ડાહી, ગઈ મેચમાં આઠ વાઈડ નાખેલા. દર વખતે દડો ક્રિઝની બહાર.

હુહ! અને તે ક્રિઝની આગળ જઈ બોલ નાખેલા. એનું શું?

એય, ત્રણ જ નો બોલ હતા.

તો રવિવારે....?

હમણાં ભણવામાં ધ્યાન આપ.

## પ્રશ્નોના જવાબ લખો :

(૧) કોણ વાત કરી રહ્યું છે? ______

(૨) ઉપકપ્તાન કોણ છે? ______

(૩) કઈ રમતની વાત છે? ક્રિકેટ કે ફૂટબૉલ? ______

(૪) વાઈડ બૉલ ક્યારે કહેવાય? ______

(૫) નો બૉલ ક્યારે કહેવાય? ______



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ⬡ ચાલો રમીએ :

(૧) શું જોઈશે? - વીસ લખોટી અથવા વટાણા.



- ત્રણ ત્રણની ટીમ બનાવો.
- થાળીમાં લખોટીઓ મૂકો.




- પહેલી બે આંગળીથી લખોટી પકડીને થાળીમાંથી ડબ્બામાં નાંખો.
- કઈ ટીમે પહેલાં બધી લખોટીઓ ડબ્બામાં ભરી દીધી? તે ટીમના સભ્યોનાં નામ લખો.



______ , ______ , ______

- **ચાલો, ગાઈએ ગીતડું :** ગોળ ગોળ ધાણી...

## ⬡ વાંચો અને રમો :



(૧) મેદાનમાં કે ક્લાસરૂમમાં એક વર્તુળ દોરો.

(૨) લટકતો રહે તેમ પોતાના જમણા પગ સાથે રૂમાલ બાંધો.

(૩) વર્તુળમાં ચાલવાનું શરૂ કરો.

(૪) બીજાના રૂમાલ પર પગ મૂકવાનો પ્રયત્ન કરો.

(૫) જેનો રૂમાલ બીજાના પગ નીચે આવી જાય તે આઉટ ગણાય.

- છેલ્લે સુધી કોણ આઉટ ના થયું? ______

આ રમત માટે વિદ્યાર્થીઓનાં પાંચપાંચનાં જૂથ બનાવો. તેમની જાતે જ વાંચીને રમવા કહો. સૂચના મુજબ ન રમે તો તે જૂથને ફરી વાંચવા કહો. બે-ત્રણ દિવસ રમાડો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**વાતચીત :**

(૧) રમવાની મજા આવી? શું કરવાની મજા આવી?

(૨) રમત રમવા માટે પહેલાં શું કર્યું? પછી શું કર્યું?

(૩) કોણ પડી ગયું હતું?

**રૂમાલને બદલે બીજું શું બાંધીને આવી રમત રમાય ? તેના કારણે રમતમાં શું ફેરફાર થાય તે વર્ગમાં જણાવો.**

**ખૂબ ગમે, ઓછી ગમે કે ના ગમે? રમતનાં નામ છૂટાં પાડો અને લખો :**

કબડ્ડી, ખોખો, લંગડી, ક્રિકેટ, પકડદાવ, સંતાકૂકડી, હૉકી, ચેસ, કૅરમ, પત્તાં, ચોર-પોલીસ, ગિલ્લીદંડા, લખોટી, નદી-પર્વત, સાતોડિયું, સાપસીડી, અંતકડી, ઘરઘર, ગાંધીજી કહે, દેડકાકૂદ, બેડમિન્ટન, પાંચીકા.

| ના ગમે | ઓછી ગમે | ખૂબ ગમે |
|---|---|---|
| | | |

- **ચાલો, ગાઈએ ગીતડું :** ગોળ ગોળ ધાણી...



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

અબ્બાસને પકડદાવ રમવાનું ખૂબ ગમે. તેણે પકડદાવ વિશે લખ્યું તે વાંચો. હવે તમને ગમતી રમત વિશે બાજુમાં આપેલી ખાલીજગ્યા પૂરો :

| | |
|---|---|
| મારું નામ અબ્બાસ છે. મને પકડદાવ ખૂબ ગમે. અમે છ ભાઈબંધો રમીએ છીએ. જેનો દાવ હોય તે બીજાને પકડવા દોડે. અમે બધા દોડીએ છીએ. જે પકડાય તે દાવ આપે છે. | મારું નામ ________ છે. મને ________ ખૂબ ગમે. અમે ________ મિત્રો મળીને તે રમીએ છીએ. ________ ________ ________ ________ |

અબ્બાસના અબ્બુ નાના હતા ત્યારે ‘‘અંખી-પંખી’’ રમતા :

તેમાં અબ્બુ કહે, ‘‘અંખી-પંખી’’

ગબ્બુ કહે, ‘‘ડાબા ડંખી’’

અબ્બુ પૂછે, ‘‘આટલા આટલામાંથી હોડી બતાવો.’’

જો ગબ્બુ આસપાસમાંથી હોડી, હોડીનો ફોટો કે હોડીનું ચિત્ર શોધી બતાવે. તો તે ‘‘અંખી-પંખી’’ એમ બોલે ને રમત આગળ ચાલે.

વડીલોને પૂછો કે તેઓ નાનાં હતાં ત્યારે કઈ-કઈ રમતો રમતાં હતાં? જાણો અને લખો :


| મમ્મી | પપ્પા | દાદા | દાદી | શાળાના આચાર્ય |
|---|---|---|---|---|
| | | | | |

તે રમતો કઈ રીતે રમાય તે જાણો. તેમાંથી નવી રમત વર્ગના મિત્રોને શીખવો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## તફાવત શોધી કાઢો :



આ બે ચિત્રોમાં ૧૦ તફાવત શોધો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## મોટેથી ગાઓ :

- બહેની મારી લાડકી,
  લાવી દુધની વાડકી.
  વચમાં મીની નડી,
  વાડકી ગઈ પડી.

- પપ્પા એટલે પપ્પા
  બાકી બધ્ધાં ગપ્પાં
  વહેલાં જાગી વાંચું હું
  તો આપે મસ્ત ધબ્બા!

- ભાઈ મારો વીરો,
  ખાવા જોઈએ શીરો.
  ઘોડિયામાં પોઢે,
  લીલી ગોદડી ઓઢે.

## જરા હસીએ :

શિક્ષક : દુનિયાનો સૌથી ખતરનાક સાપ ક્યાં રહે છે?

ચીકુ : સાપસીડીના ૯૯ નંબરવાળા ખાનામાં!





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in